# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- રાજ્યમાં મહત્તમ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા 40 જેટલી એલઇડી વાન શરૂ કરવામાં આવી છે.
- યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા ચૂંટણી પંચે સોશિયલ મિડીયામાં ઝુંબેશ શરૂ કરી.
- રાજ્યના કેટલાક જીલ્લાઓમાં આજે ઇવીએમ અને વીવીપેટ મશીનોની ફાળવણી કરવામાં આવી.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા જીલ્લાના ભાજપના આગેવાનો સાથે ચૂંટણી બેઠક કરી.
- એક મહિના સુધી ચાલનારી પંચકોશી નર્મદા પરિક્રમાનો આવતીકાલથી પ્રારંભ..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## ESS- GUJ. LED VAN

રાજ્યમાં લોકસભાની સામાન્ય અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીઓમાં મહત્તમ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા 40 જેટલી એલઈડી વાન શરૂ કરવામાં આવેલી છે.

નાગરિકોમાં જાગૃતિ કેળવવા, ઇવીએમના લાઇવ ડેમોસ્ટ્રેશન અને ઓડિઓ- વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ આ 40 એલઇડી વાન દ્વારા વિવિધ જીલ્લાનો દૂધમંડળી અને ગામના ચોરા જેવા ગ્રામ્ય વિસ્તારો તથા કોલેજ, યુનિવર્સીટી કેમ્પસ, જીઆઇડીસી વિસ્તાર અને બગીચા જેવા વિસ્તારોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, રાજ્યના તમામ મતક્ષેત્રમાં નિશ્ચિત રૂટ પર આ એલઇડી વાન સાથે ચૂંટણી કર્મચારીઓ દ્વારા ચૂંટણીલક્ષી માહિતી માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ મોબાઇલ એપ્સ તથા ઇવીએમ અને વીવીપેટ દ્વારા મતદાનની પ્રક્રિયાના લાઇવ ડેમોસ્ટ્રેશન સહિતની માહિતીથી મતદારોને અવગત કરાવવામાં આવી રહ્યા છે.

વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં 50 ટકાથી ઓછું મતદાન ધરાવતા તથા જ્યાં પુરુષો અને મહિલાઓના મતદાનનો તફાવત 10 ટકાથી વધુ હોય તેવા મતદાન મથકોમાં મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે અને સમગ્રતયા રાજ્યમાં મતદાનની ટકાવારી વધે તે

માટે મતદાન જાગૃતિના ઓડિઓ- વિડીયો તથા હોર્ડિંગ્સનું નિદર્શન પણ એલઇડી વાન પર કરવામાં આવી રહ્યું છે.

## ECI-SOCIAL MEDIA

આગામી લોકસભાની ચૂંટણીમાં યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા માટે ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર અનેક નવીન અને અનોખી ઝુંબેશ શરૂ કરી છે.. ચૂંટણી પંચ ટર્નિંગ 18 અને યુ આર ધ વન જેવા અભિયાનોના માધ્યમથી ચૂંટણીપંચના લોકપ્રિય આઇકોન અને જેમ Z સામગ્રીનો ઉપયોગ કરીને અનુરૂપ સંદેશાઓ તૈયાર કરી રહ્યું છે.

ચૂંટણી પંચના ટર્નિંગ 18 અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને આગામી ચૂંટણીઓમાં ભાગ લેવા પ્રેરિત કરવાનો છે અને ગત ચૂંટણીઓમાં જોવા મળેલા શહેરી અને યુવા મતદારોની ઉદાસીનતાના નિર્ણાયક મુદ્દાઓને શોધવાનો છે.

બીજી તરફ, “તમે એક છો” અભિયાનનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયામાં સામેલ વિવિધ લોકોના અમૂલ્ય યોગદાનને ઓળખવાનો છે અને તેની ઉજવણી કરવાનો છે. ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ પર ખોટા સમાચારો અને ખોટી માહિતીને રોકવા માટે પણ ખાસ ઝુંબેશ શરૂ કરી છે.

તાજેતરમાં ચૂંટણીપંચ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, એકસ અને યુટ્યૂબ જેવા મુખ્ય સોશિયલ પ્લેટફોર્મ ઉપર સક્રિય બનીને યુવા મતદારોને જાગૃત કરી રહ્યું છે.

## EVM/ VVPT- DISTRIBUTION

રાજ્યના કેટલાક જીલ્લાઓમાં આજે ઇવીએમ અને વીવીપેટ મશીનોની ફાળવણી જે- તે જીલ્લાના ચૂંટણી અધિકારીને કરવામાં આવી છે.

જૂનાગઢ જીલ્લાની પાંચ અને ગીર સોમનાથ જીલ્લાની 4 મળી કુલ નવ વિધાનસભા બેઠક માટે આજે બીયુસીયુ અને વીવીપેટની ફાળવણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભાની બેઠક પર 1 હજાર 667 બીયુસીયુ તેમજ 1 હજાર 769 વીવીપેટ ફાળવીને તાલુકાકક્ષાના સ્ટ્રોંગ રૂમમાં સીલ કરાયા, જ્યારે ગીર સોમનાથ જીલ્લામાં આવેલ 4 વિધાનસભામાં કુલ 1 હજાર 299 બીયુસીયુ અને 1 હજાર 402 વીવીપેટ રવાના કરાયા છે.

કચ્છ જીલ્લામાં ફસ્ટ રેન્ડમાઇઝેશન બાદ આજે વેરહાઉસ ખાતેથી જીલ્લાના તમામ છ વિધાનસભા મતવિસ્તારોમાં ઇવીએમ મશીનની સોંપણી કરવામાં આવી, જેમાં છ વિધાનસભા દીઠ બે હજાર 305 બેલેટ યુનિટ, 2 હજાર 305 કંટ્રોલ યુનિટ અને 2 હજાર 488 વીવીપેટની ફાળવણી કરાઇ છે.

રાજકોટ જીલ્લામાં 68થી 75 વિધાનસભા મતવિસ્તારના બે હજાર 236 બુથો માટે જરૂરી ઇવીએમની ફાળવણી કરાઇ, જેમાં 125 ટકા બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટ તેમજ 135 ટકા વીવીપેટ મશીન સંબંધિત વિધાનસભા વિસ્તારમાં વેરહાઉસ ખાતેથી રવાના કરવામાં આવ્યા.

**GUJ. MATDAR JAGRUTI**

લોકસભાની સામાન્ય ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજ્યભરમાં ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે, જીલ્લાવાર જોઇએ તો,

સાબરકાંઠાના હિંમતનગર ખાતે ડી માર્ટ, સ્ટાર સિટી તેમજ જિલ્લા પંચાયત ખાતે વિવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાયા હતા. અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે, રંગોળી, સિગ્નેચર કેમ્પેઇન તથા સેલ્ફી સ્ટેન્ડ દ્વારા લોકોને વધુને વધુ મતદાન કરવાની અપીલ કરાઇ હતી.

બોટાદમાં પણ જિલ્લા માહિતી કચેરી દ્વારા તમામ જાહેર સ્થળો તથા ચાર રસ્તાઓ પર મતદાન જાગૃતિને લગતા બેનર્સ અને પોસ્ટર લગાવવામાં આવ્યા છે.

છોટા ઉદેપુર જિલ્લાના પાવી-જેતપુરની મામલતદાર કચેરી ખાતે રંગોળી દ્વારા મતદાનની અપીલ કરાઇ હતી.

સુરત જિલ્લાની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આવતીકાલથી 20 એપ્રિલ દરમિયાન ‘યુવા મતદાર જાગૃતિ’ કાર્યક્રમો યોજાશે..યુવા મતદારોની સહભાગિતા વધારવા કોલેજોમાં ફિલ્મ નિદર્શન, મતદાન શપથ અને વોટર હેલ્પલાઇન એપની જાણકારી સહિતની પ્રવૃત્તિઓ હાથ ધરાશે...

અમદાવાદમાં લો ગાર્ડન ખાતે યુવાનોએ અચૂક મતદાન કરવાના શપથ લીધા. સાથે જ રંગોળી સહિતના રંગારંગ કાર્યક્રમ દ્વારા યુવાનોએ નાગરિકોને મતદાન કરવા પ્રેરિત કર્યા..

તો નર્મદા જીલ્લામાં કલાકારો દ્વારા શેરી નાટક ભજવીને મતદારોને મતદાન માટે અપીલ કરાઈ..

## SURAT- MAHILA MATDAN JAGRUTI

લોકસભાની આગામી ચૂંટણીમાં મહિલા મતદાતાઓ જાગૃત બની વધુ પ્રમાણમાં મતદાન કરે તે હેતુથી સુરત જીલ્લાની તમામ આંગણવાડીઓમાં સખી સહેલી અંગે મતદાન અભિયાન યોજીને એક અનોખી પહેલ કરાશે. આ અભિયાન આગામી 18થી 20 એપ્રિલ દરમિયાન યોજાશે. જેમાં મહિલાઓને મતદાનના મહત્વ વિશે વિવિધ ફિલ્મોનું નિદર્શન, મતદાન શપથ અને મતદાનના દિવસે સાથે રાખવાના પુરાવાઓ જેવી ઝીણવટભરી માહિતી પૂરી પાડી જાગૃત કરવામાં આવશે.

આ અભિયાન બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્ય સેવિકા, મહિલા શિક્ષક, મહિલા તલાટી અને સખી મંડળના આગેવાનોની ઉપસ્થિતીમાં કરાશે.

## CM- NARMDA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ અને છોટા ઉદેપુર લોકસભા બેઠક પાંચ લાખ કરતાં વધુ મતોથી જીતવા આહવાહન કર્યું છે. મુખ્યમંત્રીએ નર્મદા જીલ્લા ભાજપ કાર્યાલયમાં જીલ્લાના આગેવાનો સાથે યોજાયેલી બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

આ બેઠકમાં પ્રભારી મંત્રી ભીખુભાઇ પરમાર, સાંસદ મનસુખ વસાવા, ગીતાબેન રાઠવા, ઘનશ્યામ પટેલ સહિત ભાજપ મહિલા મોરચાની મહિલાઓ ઉપસ્થિત રહી હતી. અમારા નર્મદા જીલ્લાના

પ્રતિનિધી જણાવે છે કે, અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હરિસિધ્ધી માતાજીના દર્શન કર્યા હતા.

## NARMADA- PANCHKOSHI PARIKRAMA

એક મહિના સુધી ચાલનારી પંચકોશી નર્મદા પરિક્રમા આવતીકાલથી યથાવત રૂટ પર શરૂ થશે.

નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રધ્ધાળુઓને કોઇ મુશ્કેલી ન પડે તે માટે જીલ્લા વહીવટીતંત્રે પૂરતી વ્યવસ્થા કરી છે. પરિક્રમા શરૂ થયાના પૂર્વે નર્મદા જીલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ સ્થળ પર જઇને રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ શ્રધ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

કલેક્ટરે નાવડી સંચાલકો અને શ્રધ્ધાળુઓ માટે સુવિધાની કામગીરી કરી રહેલી એજન્સીઓના પ્રતિનિધીઓ સાથે જરૂરી ચર્ચા કરી સૂચનાઓ આપી હતી.

જીલ્લા કલેક્ટરે પરિક્રમામાં આવતા શ્રધ્ધાળુઓને અપીલ કરી છે કે, આવતીકાલથી શરૂ થનારી પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં શરૂ કરે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ કરે તથા ભાવિકો પણ વહીવટીતંત્રને પૂરતો સહયોગ આપે.

## WORLD HEALTH DAY

આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. વૈશ્વિક સ્વાસ્થ્ય જાગૃતિ વધારવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની વિષયવસ્તુ - 'મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર' છે.

અમારા કેન્દ્રશાસિત પ્રદેશ દમણના પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે, વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટે આરોગ્યને લગતી માહિતીવાળા પેમ્ફલેટનું વિતરણ કરાયું હતું.

તો અમારા પાટણના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આ વર્ષની વિષયવસ્તુ પર આધારિત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નિષ્ણાંતો દ્વારા લોકોને આરોગ્યલક્ષી માહિતી આપવામાં આવી હતી.

અમદાવાદ ખાતે hpcl ના પેટ્રોલ પંપ પર કામ કરતાં કર્મચારીઓને જાણીતા ડાયેટિશિયન દ્વારા સારું ભોજન સારું સ્વાસ્થ્ય એ અંગે માહિતી આપવમાં આવી હતી.

## BOTAD- KUNDA VITRAN

બોટાદ જીલ્લામાં પાળિયાદ રોડ ખાતે જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ સંસ્થા દ્વારા રાહતદરે ચકલીના માળા અને માટીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું. લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુથી સંસ્થા દ્વારા 10 હજાર ચકલીના માળા અને માટીના કુંડા તથા મીની ચબૂતરાનું તબક્કાવાર વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, બોટાદમાં સતત ચોથા રવિવારે ચકલીના માળાનું તબક્કાવાર વિતરણ થતાં શહેરીજનોએ મોટી સંખ્યામાં તેનો લાભ લીધો હતો..

## WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની સંભાવના છે..

ભાવનગરનું મહુવા 40 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી વધુ ગરમ સ્થળ તો દેવભૂમિ દ્વારકા જીલ્લામાં 30 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. કંડલા, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને વલસાડમાં 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં 38 તો ગાંધીનગરમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગામી 10મી અને 11મી એપ્રિલે રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે.

10મી એપ્રિલે દાહોદ, છોટાઉદેપુર અને નર્મદામાં જ્યારે 11મી એપ્રિલે સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને નર્મદામાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે..

## DAMAN- YOG TALIM

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં દુનેઠા જગન્નાથ મંદિર સેવા સંસ્થાન અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સહયોગથી યોગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું.. આ તકે, સંસ્થાનના પ્રમુખ અંજલિ નંદાએ કહ્યું કે, યોગથી સ્વાસ્થયને લાભ થાય છે, જેથી આવી યોગ શિબિરોનું સમયાતંરે આયોજન કરવું જોઇએ..